CHIPS Express
પરદેશ પાર્સલ સેવા
www.chipsairexp.com
અટરીયા-ઘ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105
chipsgnd@gmail.com

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૯૫ | ૨૪ સપ્ટેમ્બર, ૨૦૧૮, સોમવાર; ભાદરવા સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# વિશ્વની સૌથી મોટી હેલ્થકેર યોજના લોન્ચ

**દેશના ૨૯ રાજ્યોમાં એકસાથે શરૂ : ૧૦ કરોડ પરિવારોના ૫૦ કરોડ લોકોને વાર્ષિક ૫ લાખ રૂપિયા સુધી મફત સારવારની સુવિધા : ૨૫ સપ્ટેમ્બરથી સ્કીમ અમલી**

રાંચી, તા. ૨૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે વિશ્વની સૌથી મોટી સરકાર પ્રાયોજિત આરોગ્ય સંભાળની યોજના આયુષ્યમાન ભારત સ્કીમને લોન્ચ કરી દીધી હતી. આ યોજનાને લઈને છેલ્લા કેટલાક દિવસથી તૈયારીઓ ચાલી રહી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મહત્વકાંક્ષી યોજના તરીકે આને જોવામાં આવે છે. કેટલાક લોકો આને મોદીકેર નામ પણ આપી રહ્યા છે. આ યોજનાથી ૫૦ કરોડથી વધુ લોકોને સીધો ફાયદો થશે. આયુષ્યમાન ભારત યોજનાને દેશને સમર્પિત કરતા મોદીએ કહ્યું હતું કે આવનાર દિવસોમાં વિશ્વના દેશો આ યોજનાને લઈને અભ્યાસ હાથ ધરવામાં આવશે. ખૂબ ટુંકા ગાળામાં આ મહાકાય સ્કીમ માટેની રૂપરેખા તૈયાર કરવામાં આવ્યા બાદ જમીન ઉપર ઉતારી દેવામાં આવી છે. ગરીબ લોકોની સેવા કરવામાં આ સ્કીમ ગેમ ચેન્જર તરીકે સાબિત થશે. રવિવારના દિવસથી આને શરૂ કરી દેવામાં આવ્યા બાદ ૨૫મીથી આને વિધિવત રીતે આને અમલી કરવામાં આવનાર છે. જેના ભાગરૂપે ગરીબોમાં મફતમાં આરોગ્ય સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે. ઝારખંડના રાંચીમાંથી મોદીએ મહત્વકાંક્ષી યોજના પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અથવા તો આયુષ્યમાન ભારત યોજનાને લોન્ચ કરી હતી. દુનિયાના સૌથી મોટા હેલ્થ પ્રોગ્રામને દેશના ૨૯ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ૪૪૫ જિલ્લામાં એક સાથે શરૂ કરવામાં વ્યો છે. આ સ્કીમ હેઠળ ૧૦ કરોડ પરિવારો એટલે કે આશરે ૫૦ કરોડ લોકોને વાર્ષિક પાંચ લાખ રૂપિયા સુધીની મફત સારવારની સુવિધા મળશે. આ યોજના આજે લોન્ચ કરવામાં આવ્યા બાદ બે દિવસ પછી ૨૫મી સપ્ટેમ્બરના દિવસે પંડિત દિનદયાલ ઉપાધ્યાયની જન્મ જયંતિના દિવસે વિધિવત રીતે શરૂ થશે. આ સ્કીમ હેઠળ ૧૦.૭૪ કરોડ પરિવારોના ૫૦ કરોડ લોકોને લાભ થશે. જેમાં આઠ કરોડ ગ્રામીણ પરિવાર છે. ૨.૪ કરોડ શહેરી પરિવાર છે. આ રીતે દેશની આશરે ૪૦ ટકા વસ્તીને આ યોજના હેઠળ મેડિકલ કવર મળશે. લાભાર્થી પરિવાર પેનલમાં સામેલ રહેલી સરકારી હોસ્પિટલ અથવા તો ખાનગી હોસ્પિટલમાં વર્ષે પાંચ લાખ રૂપિયા સુધી કેશલેસ સારવાર લઈ શકશે.

● અનુસંધાન પાન-૭ પર




## આયુષ્માન ભારત યોજનાનો લાભ આપને મળશે કે નહીં...

ન્યુ દિલ્હી,તા.૨૩

મોદી સરકારની મહત્વાકાંક્ષી આયુષ્માન ભારત યોજના એટલે કે જન આરોગ્ય યોજનાનો આજે ભવ્ય શુભારંભ થવા જઈ રહેલ છે. ત્યારે આ યોજનાને આધારે દેશનાં ૧૦ કરોડ પરિવાર લાભ ઉઠાવી શકશે. તેઓને પ્રતિ વર્ષ ૫ લાખ રૂપિયાનું સ્વાસ્થ્ય વીમા કવર આપવામાં આવશે. હવે સૌથી મોટી વાત તો એ થઈ કે આ યોજનાનો લાભ કેવી રીતે ઉઠાવો અને આનો ફાયદો કોને-કોને મળશે?

જો આપ જાણવા ઈચ્છો છો કે આ યોજનાનો ફાયદો આપને મળશે કે નહીં, તો આને માટે સૌથી પહેલાં આપે સરકારની વેબસાઈટ mera.pmjay.gov.in પર લોગ ઈન કરવાનું રહેશે. લોગ ઈન કરતા જ આપે Home Page પર આપનો મોબાઈલ નંબર દાખલ કરવાનો રહેશે. તેની બરાબર નીચે આપને કેપ્ચા જોવા મળશે કે જેમાં આપવામાં આવેલા નંબરોને આપે ખાલી બોક્સમાં ભરવાનાં રહેશે.

ત્યાર બાદ "જનરેટ OTP" ઓપ્શન પર ક્લિક કરો. ત્યાં ક્લિક કરતા જ આપનાં મોબાઈલ પર એક OTP નંબર આવશે કે જેને વેબસાઈટ પર જઈને તમે વેરિફાઈ કરી લો.

હવે આપની સામે એક નવું જ પેજ ખુલી જશે. જેમાં આપે આપનાં રાજ્યનું નામ પસંદ કરવાનું રહેશે. ત્યાર બાદ આપ પોતાનો મોબાઈલ નંબર અથવા કોઈ અન્ય ઉપલબ્ધ જાણકારી નાખીને પોતાને નામને સર્ચ કરી શકો છો.

વેબસાઈટ પર એક વખત આપનું નામ રજિસ્ટર થઈ જાય. ત્યાર બાદ આપ આપનાં રેશન કાર્ડ અથવા તો મોબાઈલ નંબરની મદદથી આપ જાણી શકો છો કે આપને આ યોજનાનો લાભ મળી રહેલ છે કે નહીં.

જો કે વેબસાઈટ પર માત્ર તેવાં જ લોકોનાં નામ જોવા મળશે કે જેઓએ પોતાનો મોબાઈલ નંબર અથવા તો રેશન કાર્ડ નંબર જમા કરાવ્યો હોય. હકીકતમાં હાલમાં જ આ યોજનાને માટે એક અભિયાન ચલાવવામાં આવ્યું હતું કે જેમાં સામાજિક-આર્થિક જાતિ જનગણના ડેટાબેસને આધારે લોકો પાસેથી તેઓનો મોબાઈલ નંબર અને રેશન કાર્ડ નંબર માંગવામાં આવ્યું હતું.

● અનુસંધાન પાન-૭ પર

## ગોવાના મુખ્યમંત્રી તરીકે મનોહર પારિકર જ રહેશે : અમિત શાહ

નવી દિલ્હી, તા. ૨૩

ભાજપના પ્રમુખ અમિત શાહે આજે સાંજે સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે મનોહર પારિકર ગોવાના મુખ્યમંત્રી તરીકે યથાવત રહેશે. ગોવા પ્રદેશ ભાજપની કોર ટીમ સાથે વાતચીત કરવામાં આવ્યા બાદ એવો નિર્ણય લેવાયો છે કે ગોવાના મુખ્યમંત્રી તરીકે મનોહર પારિકર યથાવત રહેશે. પ્રદેશ સરકારના મંત્રીમંડળ અને વિભાગોમાં ટૂંક સમયમાં જ ફેરફાર કરવામાં આવશે. ગોવાના મુખ્યમંત્રી મનોહર પારિકર લાંબા સમયથી બીમાર છે અને આરોગ્યની સમસ્યાથી ગ્રસ્ત છે. હાલમાં એમ્સમાં સારવાર હેઠળ છે. ગોવાની સત્તામાં ભાજપની સાથે ગઠબંધનમાં સામેલ રહેલા પક્ષોએ તેમની જગ્યાએ અન્યની નિમણૂક કરવા માટે દબાણ લાવ્યું છે. સાથી પક્ષોનું કહેવું છે કે મનોહર પારિકર રાજ્યને સમય આપી શકવાની સ્થિતિમાં નથી. જેથી તેમની જગ્યાએ કોઈ અન્યને જવાબદારી સોંપવી જોઈએ.

## રાફેલ ડિલ રદ નહીં થાય : જેટલી

**રાહુલનું કાવતરું હોવાનો જેટલીએ દાવો કર્યો : ઓલાંદના આક્ષેપોને ફ્રાંસ સરકાર અને એવિએશન કંપની બંને રદિયો આપી ચુકી છે : હોબાળો બિનજરૂરી : જેટલી**

નવી દિલ્હી, તા. ૨૩

ફ્રાંસના પૂર્વ પ્રમુખ ઓલાંદના નિવેદનના પરિણામ સ્વરૂપે ભાજપ અને કોંગ્રેસ વચ્ચે આક્ષેપબાજીનો દોર જારી છે. તેમની વચ્ચે આરોપમાં મોટી રાજકીય લડાઈ શરૂ થઈ ચુકી છે. વડાપ્રધાન મોદી પર રાહુલ ગાંધી અને કોંગ્રેસે પ્રહારો કરીને તેમના રાજીનામાની માંગ કરી લીધા બાદ આ વિવાદોમાં નાણામંત્રી અરૂણ જેટલીએ પણ કુદી પડીને રાહુલ ગાંધીના આક્ષેપોને રદિયો આપ્યો છે. જેટલીએ આક્ષેપ કરતા કહ્યું છે કે રાહુલ ગાંધી અને ઓલાંદ વચ્ચે જુગલબંધી દેખાઈ રહી છે. રાહુલના એક જુના ટ્વીટવનો ઉલ્લેખ કરીને કહેવામાં આવ્યું છે કે તેમને પહેલાથી જ આ અંગે માહિતી હતી કે ઓલાંદ આ પ્રકારનું નિવેદન કરશે. જોકે નાણામંત્રીએ કહ્યું હતું કે આ બાબતમાં કોઈ પુરાવા નથી પરંતુ મનમાં પ્રશ્નો થાય તે સ્વાભાવિક છે. જેટલીએ ફેસબુક ઉપર એક નોટમાં લખીને નવા આક્ષેપો માટે રાહુલ ગાંધી ઉપર પ્રહારો કર્યા છે. તેઓએ ઈન્ટરવ્યુમાં પણ આ અંગેની વાત કરી છે. જેટલીએ કહ્યું છે કે ઓલાંદના નિવેદન પારસ્પરિક વિરોધી છે. ઓલાંદના નિવેદન અને રાહુલ ગાંધીના ટ્વીટના યોજનાબદ્ધ રીતે આવ્યા છે. જેટલીએ ઓલાંદના નિવેદન અને રાહુલના ટ્વીટમાં કોઈ કનેકશન હોવા તરફ ઈશારો કર્યો છે.

## સુષ્મા સ્વરાજ સંયુકત રાષ્ટ્ર મહાસભામાં ભાગ લેવા ન્યુયોર્ક પહોંચ્યા



ન્યૂયોર્ક,તા.૨૩

વિદેશ મંત્રી સુષમા સંયુકત રાષ્ટ્ર મહાસભાના ૭૩માં સત્રમાં ભારતનું પ્રતિનિધિત્વ કરવા માટે ન્યુયોર્ક પહોંચી ગયા છે. આ દરમિયાન વૈશ્વિક સમકક્ષોની સાથે ઘણી દ્વીપક્ષીપ અને બહુપક્ષી બેઠકોમાં ભાગ લેશે. સુષ્મા ૨૯ સપ્ટેમ્બર મહાસભાને સંબોધિત કરશે. સુષમા સ્વરાજ આ અઠવાડિયામાં સંયુકત રાષ્ટ્ર મહાસભાના સત્રની સિવાય ઘણી બેઠકો અને ચર્ચાઓમાં ભાગ લેશે. આ દરમિયાનમાં ભારત અને પાકિસ્તાનના વિદેશ મંત્રીઓની વચ્ચે દ્વીપક્ષીય બેઠક થવાની હતી પરંતુ સીમા પર વધતા તણાવ બાદ બેઠક રદ કરવામાં આવી છે.

## દેશમાં જાતિવાદ આધારિત વસ્તી ગણતરીની અખિલેશ દ્વારા માંગ

**વસ્તી મુજબ પછાતને હિસ્સો મળે તે જરૂરી : જંતરમંતરમાં પાર્ટીની સામાજિક ન્યાય યાત્રા રેલી યોજાઈ સપાના સ્થાપક મુલાયમસિંહ યાદવ પણ ઉપસ્થિત રહ્યા**

નવી દિલ્હી, તા. ૨૩

સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય પ્રમુખ અખિલેશ યાદવે જાતિવાદી વસ્તી ગણતરી કરવાની આજે માંગ કરી હતી. જાતિવાદી આંકડાને લઈને હંમેશા રાજકીય પક્ષો ખચકાટ અનુભવ કરતા રહ્યા છે. જંતરમંતર પર પાર્ટીની સામાજિક ન્યાય રેલી દરમિયાન અખિલેશ યાદવે કહ્યું હતું કે વસ્તી મુજબ પછાતોને હિસ્સો મળે તે ખૂબ જરૂરી છે. તેમણે ઉમેર્યું હતું કે જાતિના આધાર ઉપર વસ્તી ગણતરી થવી જોઈએ અને તેના હિસાબથી જ તેમને હિસ્સો મળવો જોઈએ. આ ગાળા દરમિયાન પાર્ટીથી નારાજ થયેલા અને હાલમાં ઉપસ્થિત નહીં થયેલા મુલાયમસિંહ યાદવ પણ મંચ ઉપર ઉપસ્થિત થયા હતા. અખિલેશ યાદવે કહ્યું હતું કે હવે વસ્તી ગણતરી થઈ જવી જોઈએ. તેમણે ઉમેર્યું હતું કે દેશમાં કઈ જાતિની કેટલી વસ્તી છે તે બાબતની વિગત પણ લોકો પાસે હોવી જોઈએ. અડધા આંકડાના આધાર ઉપર ન્યાય મળી શકે તેમ નથી. મુલાયમસિંહ યાદવે રેલીને સંબોધતા કહ્યું હતું કે અખિલેશ અને તેમના સાથીઓને મનાવવાના પ્રયાસ થઈ રહ્યા છે.

## માનવ યુક્ત સ્પેસ મિશનમાં ૩૦ કુશળ અંતરિક્ષ યાત્રીઓની જરૂર

બેંગલોર, તા. ૨૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૫મી ઓગસ્ટના દિવસે સ્વતંત્રતા દિવસે ઐતિહાસિક લાલ કિલ્લા પરથી જાહેરાત કરી હતી કે આવનાર સમયમાં સ્પેશના ક્ષેત્રમાં ભારત મજબૂતી સાથે આગળ વધશે. મોદીએ એવી જાહેરાત પણ કરી હતી કે ભારત ૨૦૨૨માં પોતાના કોઈ પુત્ર અથવા પુત્રીને અંતરિક્ષમાં મોકલશે. આ વચનને પૂર્ણ કરવા માટે પ્રસ્તાવને હવે મંજુરી મળી ગઈ છે. ભારતીય માનવ યુક્ત સ્પેશ મિશન ૨૦૨૨માં હાથ ધરવામાં આવશે. ૩૦ કુશળ અંતરિક્ષ યાત્રીઓની જરૂર દેખાઈ રહી છે. આના માટે વિશેષ ટ્રેનિંગની કવાયત શરૂ કરવામાં આવનાર છે. મોદીએ લાલ કિલ્લા પરથી પોતાના સંબોધનમાં આને ગગનયાન નામ આપ્યું હતું. આ અભિયાનની જવાબદારી ઈન્ડિયન સ્પેશ

● અનુસંધાન પાન-૭ પર

વધે નામના આપની એવી શુભકામના અમારી



શ્રી લાલસિંહ કે. વાઘેલા (એલ.કે. વાઘેલા)

ગાંધીનગર શહેર રાજપૂત સમાજના પ્રમુખપદે આપની વરણીને અંતરના ઉમળકાથી વધાવીએ છીએ... આપના નેતૃત્ત્વમાં રાજપૂત સમાજ સફળતાના નવા શિખરો સર કરે એવી શુભકામનાઓ પાઠવીએ છીએ...

શુભેચ્છકો - મિત્રો

ગાંધીનગર કલ્ચરલ ફોરમ

આ નવરાત્રીએ ગાંધીનગરના લોકપ્રિય ગરબા નવા-વિશાળ ગ્રાઉન્ડમાં...




નવું સરનામું : સમર્પણ ગ્રાઉન્ડ, સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ રોડ, સરિતાઉદ્યાન સામે, સેક્ટર-૮, ગાંધીનગર

ખાસ જાહેરાત : ગાંધીનગર કલ્ચરલ ફોરમમાં તા. ૩૦.૦૯.૨૦૧૮ સુધી જ B અને C ગ્રુપમાં સભ્યપદ મેળવી શકો છો.